સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

એક ને માંડ સમજાવે ત્યાં બીજા તેર તૂટે છે!
બેઠી છે મહાદશા કોંગીની - સરકારો ફૂટે છે!
ખૂટે છે વિશ્વાસ સાથી-મિત્રોનો દિવસો-દિવસ,
થાકયાં છે સોનીયાજી, શારીરિક સાથ પણ છૂટે છે

હાઈકુ

પડે છે વીજ!
ગાજે લોક-ડાઉન -
કોરોના પૂર...

ડૂબ્યા શોકમાં
અ'શોક' ગેહલોત -
ઘરમાં ભેદી...

ચિંતન

तस्मान्नास्य परे विधुं कर्म किञ्चिच्चिकीर्तितम् ।
आराब्धारस्तु जानीयुरारब्धं कृतमेव वा ॥

જ્યાં સુધી કાર્ય પૂરું ન થાય કે તેનું પરિણામ ન આવી જાય ત્યાં સુધી રાજાની ગુપ્ત મંત્રણા, વિશે બીજા કોઈ વ્યક્તિને જાણ ન થવી જોઈએ. એટલે સુધી કે કાર્યને શરૂ કરનારા લોકોને પણ તેની પૂરી જાણકારી ન હોવી જોઈએ. પરિણામ પછી જ બધાને વાસ્તવિકતાની જાણ થવી જોઈએ.

કાર્ય વ્યવસ્થા એવી સુવ્યવસ્થિત હોવી જોઈએ કે જે વ્યક્તિ જે કાર્ય કરતી હોય તેને માત્ર એટલો જ ખ્યાલ હોય કે મારે આ કાર્ય કરવાનું છે, એટલું જ નહીં એક વ્યક્તિને સોંપાયેલા કાર્યની તેના સહ કાર્યકરને પણ ગંધ ન આવે તેવી વ્યવસ્થા પણ જળવાવી જોઈએ.

આપની અંગત યોજનાઓ વિશે કોઈને જાણ ન થવા દો. જ્યાં સુધી એ પરિણામ સ્વરુપે બહાર ન આવે. રાજકારણમાં અને ઉદ્યોગધંધામાં આવી ગોપનીયતા જ સફળતાની ખાતરી આપી શકે. યોજના અગાઉથી ખુલ્લી પડી જતાં એની સફળતા સામે અનેક અવરોધો સર્જાતા હોય છે.

સુવિચાર

- જયાં કરવાપણું છે ત્યાં ધર્મ ઉત્પન્ન થાય અને સમજવાપણું છે ત્યાં મોક્ષ ઉત્પન્ન થાય છે - **આસસૂત્ર**
- જે હર્ષ પામે, તેને શોક પામવાનો વખત આવશે - **રોહિત શાહ**
- કિનારા ન મિલે તો કોઈ બાત નહીં, દુસરોં કો ડૂબો કે મુઝે તૈરના નહીં હૈ - **ચૈતન્ય પ્રધાન**
- સ્નેહ, સંતોષ, સમતા અને સમર્પણમાં જ શાંતિનું મૂળ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જૂઠ તમામ બુરાઈઓનું જનક અને સત્ય તમામ બુરાઈઓનો ઈલાજ છે - **સોક્રેટિસ**
- મેં કાર્ય કરવામાં બેદરકારી રાખી છે એમ માનવામાં હું ખોટો પણ હોઈ શકું - પરંતુ ખરી બાબત પ્રયાસની ખામી જ હોય - **કોયેન્દ્રી**
- આજનું ઔષધ : લીંબુની છાલનો બારીક પાઉડર લોહી નીકળતી જગ્યા ઉપર લગાડી દેવાથી ઘામાંથી રક્તસ્રાવ અટકે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ધાર્મિક મહોત્સવમાં ભાગ લઈને બુંદેલખંડના પ્રસિદ્ધ સંત ગણેશપ્રસાદજી વર્ણી તથા તેમના મિત્ર કમલાપતિ પાછઆ ફરી રહ્યા હતા. રસ્તામાં તેઓ પાણી પીવા માટે એક કૂવા પાસે રોકાયા. ત્યાં એક પાંચેક વર્ષનો છોકરો તેમની નજરે પડ્યો. તેઓએ તે છોકરાને થોડો નાસ્તો આપ્યો. ત્યાં તે છોકરાની મા તેની પાસે આવીને રડવા લાગી. વિશેષ વૃંત્તાત પૂછતાં તેણીએ કહ્યું, 'મારા પતિ આઠ માસ પહેલા દુનિયા છોડી ગયા છે. મારા દીયર ખેતી કરે છે, પણ અમને કોઈ હિસ્સો આપવા માગતા નથી, હું મારા દીકરાને જોઈને પુનર્લગ્ન કરી શકું તેમ નથી. છેલ્લા ઉપાયરુપે મેં મારા પિતાના ઘરે જવાનો નિર્ણય કર્યો છે. જેવી ભગવાનની ઈચ્છા.' આ વાત સાંભળી બંને સજ્જનોનું હૃદય કરુણાથી ભરી આવ્યું. વર્ણીજી પાસે માત્ર એક ધોતી, એક દુપટ્ટો અને થોડાક રોકડ રુપિયા હતા. તેમણે તે બધી જ વસ્તુઓ તે બાઈને આપી દીધી અને માત્ર એક ધોતિયું જ પોતાની પાસે રાખ્યું. કમલાપતિએ પૂછ્યું, 'અરે, વર્ણીજી ધોતિયું પહેરીને ઘેર કેમ પહોંચીશું?' વર્ણીજી મહારાજે જવાબમાં કહ્યું, આપણે ત્યાં પહોંચીશું ત્યાં સુધીમાં સાત આઠ વાગી જશે, અને ઘરે પહોંચ્યા પછી તો બધી જ વ્યવસ્થા છે જ ને!! સ્વ પર આત્મા પર કરુણા કરનાર સાચા સંત ને વંદન કરી રહ્યા.

દેશમાં કોરોના વિકરાળ બની રહ્યો છે

તંત્રીસ્થાનેથી...

કોરોના ફૂદકે ને ભૂસકે નવા વિક્રમો આંબી રહ્યો છે ત્યારે આપણી કેન્દ્ર સરકાર મૃત્યુદર ઘટ્યો હોવાનું એન સાજા થઈ રહેલા લોકોની ટકાવારી વધી હોવાનું જણાવી આંખ આડા કાન કરી રહી છે. અલબત્ત, એને સંપૂર્ણપણે નાબૂદ કરવા બાબતે કોઈની પાસે કોઈ જ કીમિયો નથી. સ્પેનના પ્રવાસન ઉદ્યોગેન ફટકો પડ્યો છે. બ્રિટનમાં સ્પેનથી આવનારા પ્રવાસીઓ ફરજિયાત 'ક્વોરન્ટાઈન કેદ' ભોગવવી પડે છે. દક્ષિણ કોરિયાથી આવેલા નાગરિકને કોરોના પોઝિટિવ આવતાં ઉત્તર કોરિયા આખું લોકડાઉન થઈ જાય છે. હોંગકોંગ પણ આવી જ કડક શિસ્તનો અમલ કરી રહ્યું છે. એક આ લોકશાહી રાષ્ટ્ર ભારત છે કે જયાં મજૂરથી માંડી માલેતુજાર લોકોને માસ્ક પહેરવાનું અળખામણું લાગે છે. આપણા નેતાઓ સોશિયલ ડિસ્ટંસિંગની લેશ પણ પરવા કર્યા વગર મિટિંગો કરે છે. રેલી પણ નીકળી હોત. સી.આર. પાટિલ એટલા શાણા કે એમને સામે ચાલીને પૂર્વ ઘોષિત સન્મન રેલી બંધ રખાવી. કોરોના ખતરનાક છે - પરંતુ ગુજરાતીઓ તો ખતરાના ખેલાડીઓ છે. એમને તો મેળા મહાલવા છે, શ્રાવણ માસમાં સોમનાથનાં દર્શન કરવાં છે અને નવરાત્રીમાં ગરબા પણ ગાવા છે. પ્રજાને કોઈ એક રોગચાળો ઘરમાં નજરકેદ કરી મૂકે તે ન જ ગમે પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થાને જાહેરાત કરવી પડીછે કે ઈતિહાસની આ સૌથી મોટી મહામારી છે. એનાથી કયારે છુટકારો મળશે એની કોઈ જ ખાતરી નથી. આથી પ્રજાના તમામ વર્ગો સ્વાભાવિક રીતે જ અકળાયા છે. બાળકોનું ભણતર અધ્ધર થઈ ગયું છે. વધ્યા છે ફક્ત સોના ચાંદીના ભાવ અને અંબાણીની આવક. સામાન્ય માણસ માટે જીવની સલામતી અગત્યની બની રહી છે. શાકભાજી વગર ચાલતું નથી, આરોગ્યની દષ્ટિએ પણ એ જરૂરી છે; પરંતુ શાકભાજી વેચનારા સુપર સ્પ્રેડર બની ગયા છે. અમદાવાદની પોળોમાં રહેનારા ખુલ્લા વિસ્તારોમાં ખસી જવા ઉધામા કરી રહ્યા છે. નાનાં ઘર ધરાવનારા મોટાં ઘર ખરીદી ઘરે જ ઓફિસ કાર્ય કરી શકાય એવું આયોજન કરી રહ્યાં છે. શહેરો તરફનો ધસારો ઓછો થયો છે, લોકોને ગામડાંના ગ્રીન ઝોનમાં રહેવામાં સલામતી દેખાવા લાગી છે. આ કોરોના ઈફેક્ટ અત્ર તત્ર સર્વત્ર દેશ્યમાન થઈ રહી છે. સેમિનારોનું સ્થાન વેબિનાર લઈ રહ્યા છે. ઓનલાઈન શિક્ષણ વઈશે ભાગ્યે જ કોઈ કેળવણીકાર ઊંચો અભિપ્રાય ધરાવતો હશે, પરંતુ એ જ એક હાથવગો ઉપાય રહી ગયો છે. સ્કૂલો અને કૉલેજોનાં તોતિંગ બિલ્ડિંગો, બાગબગીચા અને પ્રવાસન સ્થળો સૂનાં પડ્યાં છે. આવી પરિસ્થિતિ કયાં સુધી લંબાશે એની કોઈને ખબર નથી. સરકાર પણ પ્રજાનું ધ્યાન આ ભય અને આતંકથી હટાવવા કયારેક ચીન સાથેની સરહદી વિવાદમાં ભારતનો હાથ અધ્ધર રહ્યો હોવાની વાતો ફેલાવે છે તો કયારેક અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીની જન્મભૂમિ પર હજાર વર્ષ સુધી અડીખમ રહે એવા ભવ્ય મંદિરની આધારશિલા અંગેના કાર્યક્રમની ચર્ચામાં વ્યસ્ત રહે છે. આ તમામ બાબતો પ્રજાને ચીન સામે ટક્કર લેવા માટે ફ્રાંસનાં રાફેલ વિમાનોનો પહેલો લોટ અંબાલા ખાતે આવી રહ્યા છે એનો રોમાંચ છે. ચીનને રશિયાએ એના એસ-૪૦૦ મિસાઈલ્સની ડિલિવરી નહીં કરી એમાં ભારતને પોતાનો વિજય વરતાય છે. કોરોનાથી બચવા માગતા માણસને યુદ્ધમાં લોહી રેડાય એની સામ કોઈ વાંધો નથી! રાહુલ ગાંધી ચીને દબાવી પાડેલી જમીનનો મુદ્દો જ રિપીટ કર્યા કરે છે અને કોંગ્રેસનું સિનિયર જૂથ રાહુલને ફરી એક વાર અપરિપકવ નેતા ઠેરવી સોનિયા ગાંધીને જ સુકાન સંભાળવા માટે કરગરી રહ્યું છે. પરિસ્થિતિ તો એવી વિષયમ છે કે કોરોના વાઈરસ મટીને વરુનું સ્વરુપ ધારણ કરી હવે ગમે ત્યારે ગમે તે વ્યક્તિને એનો શિકાર બનાવી રહેલ છે. રસી બજારમાં મુકાશે ત્યારે પણ આટલી મોટી વસતિને કેવી રીતે ઉપલબ્ધ કરાવી શકાશે તે પ્રશ્ન છે. રૂપિયા ખર્ચીને ગરીબ માણસ કે જેની માસ્ક ખરીદવાની ત્રેવડ નથી તે રસી થોડી મુકાવી શકશે ?

મિત્રો ભલે ઓછા હોય પણ ઈમાનદાર હોવા જોઈએ

નવાં કલેવર
નટવર હેડાઉ

દીકરાને અનેક મિત્રો હતા. તેનું તેને ખુબ અભિમાન પણ હતું. તેના પિતાને માત્ર એક મિત્ર હતો. પરંતુ તે સાચો મિત્ર હતો.

એક દિવસ પિતાએ તેના દીકરાને કહ્યું. 'બેટા તારા તો ઘણા મિત્રો છે ખરું ને! તેમાંથી આજે રાત્રે તારા સૌથી સારા મિત્રની પરીક્ષા લઈએ.' દીકરો સહર્ષ તૈયાર થઈ ગયો.

રાતના બે વાગ્યે પિતા પુત્ર દીકરાના સૌથી ઘનિષ્ઠ મિત્રના ઘરે પહોંચ્યા. દીકરાએ દરવાજો ખખડાવ્યો. દરવાજો ખુલ્યો નહીં. ફરી વારંવાર દરવાજો ખખડાવતાં કોઈનો પગરવ સંભળાયો. કી હોલમાંથી કોઈએ જોઈ લીધું. જરા ગુપપુસ થઈ હોય એવું લાગ્યું. કદાચ તેના મિત્રની મમ્મી મિત્રને જગાડતી હતી. હવે અવાજ પણ સંભળાયો.

'મમ્મી, કહી દે હું ઘરમાં નથી.'

આ સાંભળી દીકરો ઉદાસ થઈ ગયો. નિરાશ થઈ બંને ઘેર પાછા આવ્યા.

બીજા દિવસે પિતાએ કહ્યું, 'બેટા, આજ હું તને મારા દોસ્તની મુલાકાત કરાવું છું.'

બંને રાતના બે વાગ્યે પિતાના દોસ્તના ઘેર પહોંચ્યા. પિતાએ પોતાના દોસ્તને બુમ પાડી જરા બારણું ખખડાવ્યું. સામેથી અવાજ આવ્યો.

'દોસ્ત, ઊભો રે બે મિનિટમાં બારણું ખોલું છું.'

જયારે બારણું ખુલ્યું ત્યારે પિતાના મિત્રના એક હાથમાં રૂપિયાની થેલી અને બીજા હાથમાં તલવાર હતી. પિતાએ પૂછ્યું.

'દોસ્ત આ શું ?'

ત્યારે મિત્ર બોલ્યો. 'જો મારા દોસ્તને રાત્રે બે વાગે મારું બારણું ખખડાવવાની જરૂર પડી હોય તો જરૂર તે કોઈ મુસીબતમાં હશે. અને મુસીબતો હંમેશા બે પ્રકારની હોય છે. એક તો રૂપિયા પૈસાની અને બીજી કોઈથી વિવાદ થઈ ગયો હોય તેની હોય.'

પિતા પુત્ર તેની સામે જ જોઈ રહ્યા. પિતાના દોસ્તે કહ્યું, 'જો, પૈસાની જરૂર પડી ગઈ હોય તો લ્યો આ પૈસાની થેલી. લઈ જાવ. અને જો કોઈ સાથે ઝઘડો થઈ ગયો હોય તો આ તલવાર લઈ હું તારી સાથે આવું છું.'

દીકરો પિતાના દોસ્તની સામે જ જોઈ રહ્યો. પિતાની આંખો હર્ષના અશ્રુથી છલકાઈ રહી હતી. તેણે પોતાના મિત્રને કહ્યું. 'દોસ્ત, આ બંનેમાંથી એક પણ ચીજની જરૂર નથી. હું તો બસ મારા દીકરાને મિત્રતાની પરિભાષા શીખવી રહ્યો હતો.'

તે પછી પિતાએ પુત્રની તરફ જોઈ કહ્યું, બેટા, મિત્ર એવા ન હોવા જોઈએ જે સ્વાર્થી અને જયારે કામ પડે ત્યારે બહાનાં કાઢવા લાગે.'

'હાં, પપ્પા તમારી વાત સાચી છે. મારા ફેસબુક ફ્રેન્ડ ૩૦૦૦ થી વધુ છે. વોટ્સએપ ઉપર રોજ મજાકીયા મેસેજ કરનારા ૧૦૦૦થી વધુ છે. મને મળે ત્યારે નાસ્તા કે પાન-મસાલા કેટલાને મેં ખવડાવ્યા છે. પણ આજે મને ખબર પડી કે ખરેખર મિત્રતા કોને કહેવાય.'

મિત્રો ભલે ઓછા હોય પણ ઈમાનદાર હોવા જોઈએ.

કોઈની મનોવૈજ્ઞાનિક હત્યાના દોષિત આપણે પોતે તો નથી ને?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

આ સમાજમાં આપણને ઘણા પ્રકારની વ્યકિતઓ કહો કે ઘણા પ્રકારનાં ભેજા જોવા મળતા હોય છે. કોઈ એવા હોય છે જે પારકાનું સુખ જોઈને પોતે રાજી થતા હોય, કોઈ પારકાનું દુ:ખ જોઈને દુ:ખી થતાં હોય, કોઈ પારકાનું સુખ જોઈને પોતે દુ:ખી થતા હોય છે અને કોઈ પારકાનું દુ:ખ જોઈને પોતે રાજી થતા હોય. આ છેલ્લા બે પ્રકારની વ્યક્તિઓ કે જે પારકાનું સુખ જોઈ શકતા નથી અને પારકાને મહેણાં-ટોણાં મારતા રહીને, પારકાને દુ:ખી કરીને પોતે રાજી થતાં હોય છે.

આ લોકો વિવિધ પ્રકારની રીતો અજમાવીને સ્નેહી સંબંધીઓને માનસિક ત્રાસ આપતા હોય છે પણ સ્વભાવે કાયર હોય છે. તેઓ સામે આવીને, પ્રત્યક્ષ રીતે પોતાના કૃત્યો કરતા હોય એવું હંમેશા બનતું નથી. તેઓ ઘણીવાર પડદા પાછળ રહીને, અપ્રગટ રહીને પોતાની મેલી મુરાદો પાર પાડતા હોય છે. એ લોકો પડદા પાછળ રહીને દોરી સંચાર કરતા હોય છે, અદૃશ્ય રહીને પોતાના પ્યાદા રમતા હોય છે. જે સ્નેહીઓ પોતાના શિકાર બન્યા હોય છે તેઓને ઘણીવાર ખબર જ નથી હોતી કે પોતાને જે ત્રાસ અપાઈ રહ્યો છે તેનો દોરી સંચાર કોણ કરે છે. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે ત્રાસ ગુજારનાર વ્યક્તિ શિકારી વ્યક્તિ સાથે સારા સંબંધો રાખવાનો ડોળ કરીને મહોરા પહેરીને, છઝવેશે પોતાના શિકારને પરેશાન કરતી હોય છે.

જે વ્યક્તિ કોઈની વૃતિનો શિકાર બની હોય છે એ વ્યક્તિની માનસિક પરિસ્થિતી દયાજનક બની જતી હોય છે. એ વ્યક્તિ સતત મહેણાં-ટોણાં સાંભળી સાંભળીને હેરાન પરેશાન થઈ જતી હોય છે. એ વ્યક્તિનું સ્વાભિમાન ઘવાતું રહે છે. ધીરે ધીરે તેનો આત્મવિશ્વાસ ડગવા લાગે છે. તેનું સતત અપમાન થતું રહેતું હોય પોતે એવું માનવા લાગે છે કે પોતાના સ્નેહી સંબંધીઓ વચ્ચે પોતાનું કોઈ મહત્વ જ નથી. તે પોતાની જાતને નકામી ગણવા લાગે છે. તે લઘુતા ગ્રંથીથી (inferiority complex) પીડાવા લાગે છે. તેની કાર્યદક્ષતા ઘટવા લાગે છે. પોતાના કોઈપણ સંબંધોને આગળ વિકાસવાવની ઈચ્છા નથી થતી. નવા સંબંધો બાંધતા સંકોચ અનુભવે છે. પોતાની આસપાસ ઘણા સ્નેહીઓ મિત્રો હોવા છતાં પોતે એકલતા અનુભવે છે. પોતે એટલી તીવ્ર માનસિક તાણ અનુભવે છે કે પોતાને શું કરવું અને શું ન કરવું એ કઈ સૂઝતું જ નથી. માનસિક તાણથી રાહત મેળવવા ક્યારેક એ વ્યક્તિ બીડી, સીગાર, દારૂ, જુગાર, ડ્રગ્સ કે અન્ય કોઈ બીજી અનૈતિક આદતોના શિકાર બની જતાં હોય છે. તેનું માનસિક તાણ જ્યારે અસહ્ય બની જાય છે અને એ તાણમાંથી છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી મળતો ત્યારે એ વ્યક્તિ આત્મ હત્યા વિષે વિચારવા લાગે છે. ક્યારેક પોતાના એ વિચારને અમલમાં પણ મૂકી દે છે. ખાસ કરીને લગ્ન જીવન કે કૌટુંબીક સંબંધોને કારણે જે કઈ આત્મહત્યાના કિસ્સા બનતા હોય છે તેની પાછળ મોટા ભાગે આ પ્રકારનાં જ કારણો જવાબદાર હોય છે.

આ પ્રકારની વૃતિનો શિકાર બનેલી વ્યક્તિ જયારે આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવી નાખે છે ત્યારે ખરા અર્થમાં તેને આત્મહત્યા નહીં પણ એક હત્યા જ કહેવી જોઈએ. આ એક એવી મનોવૈજ્ઞાનિક હત્યા હોય છે જેનાં કાયદાકીય રીતે કોઈ ગુનેગાર નથી હોતા. એ હત્યાના કોઈ પુરાવા નથી હોતા. એ ગુનાની કોઈ સાબિતી નથી હોતી. એના કોઈ સાક્ષી નથી હોતા. વ્યક્તિની આત્મહત્યા પછી તેની મનોવૈજ્ઞાનિક હત્યા કરનાર શખ્સો મૃત વ્યક્તિની પાછળ જાહેરમાં મગરનાં આંસુ પણ સારતા હોય છે. હત્યા કરનાર વ્યક્તિને એ ખબર નથી હોતી કે પોતે પોતાના શિકારને ધીમું ઝેર આપીને, ઈલેક્ટ્રીક શોક જેવા જ માનસિક શોક આપીને કટકે કટકે તેની હત્યા કરી છે. આ પ્રકારની હત્યાઓ યુગોથી થતી આવી છે, વર્તમાનમાં પણ થઈ રહી છે અને ભવિષ્યમાં પણ થતી જ રહેશે . તેના મૂક સાક્ષી બનીને જોઈ રહેવા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ પણ નથી.

આપણે પોતે આત્મમંથન કરીએ. આપણે બેમાંથી કઈ ભૂમિકામાં છીએ? આપણે કોઈને આપણાં શિકાર બનાવ્યા છે? આપણે પોતે કોઈના શિકાર બન્યા છીએ? કદાચ એવું પણ બને કે આપણે બંને ભૂમિકા ભજવતા હોઈએ. આપણે કોઈના શિકાર પણ બન્યા હોઈએ અને કોઈને આપણાં શિકાર પણ બનાવ્યા હોય.

આપણે જો કોઈના શિકાર બન્યા હોય તો એક વાત સમજી લઈએ કે કોઈના મહેણાં ટોણાં કે ટીકા-ટીપ્પણથી આપણું કશું બગડી જવાનું નથી. લોકોના મહેણાં ટોણાંને આપણે નજર અંદાઝ કરીએ, તેને કોઈ જ જાતનું મહત્વ ન આપીએ, આપણાં મન ઉપર તેની કોઈ પ્રકારની અવળી અસર ન થવા દઈએ. આપણે એવા લોકોને કોઈપણ પ્રકારનો પ્રતિભાવ નહીં આપીએ એટલે મહેણાં ટોણાં મારનાર પોતાને જ ચીડ ચડશે, તેને પોતાને જ બળતરા થશે. આવી પરિસ્થિતિમાં આપણે જો દ્રઢ રહી શકીએ તો એ લોકોની કારી ક્યારેય ફાવી શકે નહીં, એ લોકોના પ્રયત્નો ક્યારેય સફળ થઈ શકે નહિ. એ લોકોની વૃતી કરતાં આપણું મનોબળ વધારે દ્રઢ છે એવું સાબિત કરી દઈએ તો અંતે એ લોકો થાકી જશે, હારી જશે અને પોતાના હથિયાર હેઠા મૂકી દેશે.

આપણે બીજા દ્રષ્ટિકોણથી આત્મવિશ્લેષણ કરીએ કે આપણે પોતે કોઈને આપણી રાક્ષસી વૃતિના શિકાર તો બનાવ્યા નથી ને? આપણે જો કોઈને શિકાર બનાવ્યા હોય તો આપણે વિચારીએ કે કોઈને મહેણાં-ટોણાં મારીને તેમણે હેરાન પરેશાન કરવાથી આખરે આપણને શું પ્રાપ્ત થવાનું છે? પ્રમાણિકપણે ઊંડાણથી વિચારશું તો કદાચ ઉત્તર મળશે કે આ પ્રકારની વૃતિથી આપણને કશું જ પ્રાપ્ત થવાનું નથી. કર્મના સિધ્ધાંતના દ્રષ્ટિકોણથી જોઈએ તો આ રીતે કોઈની મનોવૈજ્ઞાનિક હત્યા કરનારા કોઈ લોકો ક્યારેય સુખી થઈ શકતા નથી, કારણકે તેઓ પોતાના સુખ માટે તો કોઈ પ્રયત્નો કરતાં જ નથી. એ લોકો તો અન્ય લોકોને દુ:ખી કરી કરીને એ લોકોના સુખને છીનવી લેવા જ પ્રયત્નો કરતાં હોય છે.

આપણે એવું માનતા હોઈએ છીએ કે આપણાં કરતૂતો અને બદ-ઈરાદાઓની કોઈને ખબર નથી પડતી. હકીકતમાં એઉ નથી હોતું, હા એવું બને કે થોડો સમય આપણાં ઈરાદાઓ છૂપા રહી શકે પણ આપણાં સંબંધીઓને આપણાં ઈરાદાઓની જાણ થઈ જ જતી હોય છે. આપણાં કરતૂતો ખુલ્લા પડી જ જતાં હોય છે. આવું થયા પછી આપણાં જ સંબંધીઓનો આપણે વિશ્વાસ ખોઈ બેસશું. સંબંધીઓ આપણાંથી દૂર રહેવાનુ પસંદ કરશે. અંતે એવું બને કે આપણે એ સંબંધીઓ સાથેના આપણાં સંબંધો ગુમાવી બેસીએ.

આપણી વૃતિ કરતાં આપણાં ઈરાદાઓ વધારે દ્રઢ હોય છે જરૂર હોય છે માત્ર દ્રઢતાપૂર્વક એ વૃતિઓ ઉપર કાબૂ રાખવાની. વગર વાંકે કોઈને મહેણાં-ટોણાં મારીને હેરાન પરેશાન કરવાની વૃતિને આપણે ફેલાવી હોય તો એ વૃતિને આપણે સંકોરી લઈએ. એવું કરી શકશું તો આપણાં સંબંધોનું વિશ્વ જે આપણું છે, એ આપણું થઈને જ રહેશે.

ઈશ્ક ઈનાયત હૈ ખુદા કી, તો મૈં ગુનાહગાર કૈસે ?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પૃથ્વી ઉપર ઈન્સાન તરીકે જન્મ પ્રાપ્ત થાય એ જ બહુ ભાગ્ય અને પૂર્વના સદ્કર્મોનું ફળ હોય છે. માણસને જન્મ મળવો કે મૃત્યુ મળવું એ ઈશ્વરની મરજી ઉપર અવલંબે છે પરંતુ માનવ તરીકે આ વિશ્વમાં આવ્યા પછી કઈ રીતે જીવવું કેમ વર્તવું વગેરે બાબતો તો આપણે જ નક્કી કરવાની હોય છે અર્થાત્ બાલ્યકાળથી પુખ્ય વ્યક્તિ બને ત્યાં સુધી તેની માવજત, ઉછેર, કેળવણી અને સંસ્કારો આપવા જ પડે જેથી એ નાગરિક તરીકે આજીવન ખુબ સફળતાથી સ્વયં સ્વમાનભેર જીવી શકે અને સમાજને પણ કંઈક ઉમદા યોગદાન આપી શકે! પરિવાર માતાપિતા અને સાચા ગુરુજનોની બહુ જ મોટી ભૂમિકા સંસારમાં રહેલી છે. સમયના બદલાવની સાથે પૂરમાં બધુ કિંમતી તણાય જાય એમ સાત્ત્વિક બાબતો ક્રમશ: ધોવાતી જ ગઈ છે, કમાણી કરવા કે ગુજરાન ચલાવવા મા-બાપ સ્વયં ભાગદોડ અને તણાવમાં છે કે એ લોકો પરિવાર માટે સમય આપી શકતા નથી. લોકડાઉન આવ્યું ત્યારે કદાચ વર્ષો બાદ સમગ્ર પરિવાર એક સાથે સતત તેના સભ્યો જોડે રહ્યો! પણ આ તો કોરોના મહામારીના ભયને લીધે શક્ય બન્યું. સર્વ સામાન્ય સંજોગોમાં બધા નિજી જીવન જીવે અને એક છત નીચે રહે તેવી હાલત છે. મનોવિજ્ઞાનનો નિયમ એ છે કે શિશુ અવસ્થાથી યુવાવસ્થા દરમિયાન દરેક બાળકને હૂંફ, સ્નેહ, પ્રેમ અવશ્ય મળવા જ જોઈએ જેથી એ ઉત્તમ વ્યક્તિ બની સમાજમાં જીવી શકે. ઘરમાં જ અશાંતિ, પારસ્પરિક ઝઘડા, કંકાસ વગેરેમાંથી પસાર થતા સંતાનો મોટા થતાં જાય તેમ તેમ એ બહારનાં વિશ્વમાં પ્રેમ સહાનુભૂતિ અને મૈત્રીની તીવ્ર ઝંખના કરવા લાગે છે! માનવ ને હંમેશા માનવ પાસેથી જ બધી અપેક્ષા રહે છે એટલે જ એ સામાજિક પ્રાણી કહેવાય છે!! બધી સંબંધો જીવનને માટે જરૂરી હોય છે છતાં પ્રેમનો સંબંધ એ સોનાની વીંટીની અંદરનો સાચો હીરો હોય તેમ છે. ઋણાનુબંધ વિના જીવનમાં કંઈ એમ જ સંપર્ક પણ થવો અસંભવ છે. પૂર્વનો અધૂરો છતા મધૂરો સંબંધ કાળચક્રની સાથે ચાલ્યા જ કરે છે.

ગની દહીંવાલાનો સુંદર શેર સમજવા જેવો છે

"બાગમાં આ જીવતા
સ્મારક રચ્યા છે માળીએ,
રાત-દિ જેઓ પવન
આરોગે ને ફોરમ વમે."

અહીં પૃથ્વી ઉપર સામ્રાજય જો કોઈનું ખરું ગણવું હોય તો એ છે ઈશ્કનું - પ્રેમનું - સ્નેહનું બાકી બધું તો ઔપચારિક યંત્રવત્ જીવન છે!

'અહીંયા કોને કબર છે સાચો પ્રેમ એટલે શું?
કાન માંડી જો, હૃદય નહીં તું જ ધબકે છે.'

સમાજે કમનસીબે પ્રેમ શબ્દને માત્ર ને માત્ર સ્ત્રી-પુરુષનાં સંબંધ સાથે મજબૂતાઈથી જોડી કે બાંધી દીધો છે. વિજાતીય આકર્ષણ-મોહ-મિલન અને આજીવન બંધન તરીકે પ્રેમ સંસારના રથને ચલાવનાર પ્રેરક બળ છે જ પરંતુ ઈશ્ક એ લાખો સ્વરુપમાં ઈનાયત છે ખુદાની, રહેમ છે રામની, કલા છે કૃષ્ણની અને એ ઈશ્કની હાજરીથી જ વિશ્વ રૂડું રૂપાળું અને જીવવા લાયક બને છે. મસ્તીથી જીવતી વ્યક્તિ આ ઈશ્કના જાદુનું માધ્યમ બની જાય છે. સંબંધોના દરિયામાંથી લાગણીનું જળ પીવાય એમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાનું વિચારનાર ઈશ્કના ખ્યાલને કદી સમજી જ ના શખે. બધી જ ઔષધિઓ હશે ઉપયોગી તેની ના નથી પરંતુ પ્રેમ એ મહાન ઔષધ છે, ઉપચાર છે અને સમાધાન છે! પૃથ્વી પરનો આતંકએ પ્રેમ વંચિત લોકોનો વાસ્તવમાં ઉપદ્રવ છે. પ્રેમ હાટડીએ વેચાતો નથી કે તેનું કોઈ મૂલ્ય પૈસાથી કદી પણ આંકી શકાતું નથી. ઈશ્ક કા પ્યાલા નસીબવાલે ઈન્સાન ને શોધી લો. જેના હૃદયમાં પ્રેમ તેની સાથે જ છે ઈશ્વર એ વાસ્તવિક હકીકત છે. સપ્તપદીના સાત ફેરા તો એક રિવાજ છે હોય જો પ્રેમ એકબીજાને તો રાધા અને કૃષ્ણ આજે પણ હયાત હોય છે - પ્રેમ ને ભૂલથી વાસના પૂર્તિ ના સમજીએ તો ખરું જીવન અમૃત બને એ પ્રેમ છે. જેના સ્વરુપો અનેક છે જે જીવનને મધમધતો બાગ બનાવે છે.

હવે ચર્ચાનો મહત્ત્વનો મુદ્દો એ છે કે ઈશ્ક ખુદાનું રુપ છે તો ઈશ્ક વ્યક્ત કરનાર કેમ ગુનેગાર થઈ જાય છે? દુનિયાનાં નીતિ-નિયમો, રીત-રિવાજો, જ્ઞાતિ-જાતિઓ વગેરેના લીધે જ બે મળેલા જીવ કદી ઐક્ય સાધી શકતા નથી અને એમાંથી ઘણા આત્મહત્યાઓ કરી લે છે તો ઘણા વિદ્રોહ કરીને દૂર ભાગી જઈને પોતાનું નવું સહજીવન શરૂ કરી લે છે. દુનિયા પ્રેમની પ્રશંસા કરે, ગઝલો લખે, ચલચિત્રો બનાવે, સાહિત્યનું સર્જન કરે સ્થાપત્યમાં કંડારે પરંતુ સાચા જીવનમાં ઈશ્ક કરનારાને સ્વીકૃતિ આપવામાં આ જ દુનિયા વિફળ રહે છે એ કરુણતા છે. સ્થૂળ શારીરિક મિલન એ કોઈ ઈશ્ક નથી રૂહથી રૂહનું વિલિન થવું એ ઘટનાને ઈશ્ક કહેવાય છે જે વ્યક્ત થવામાં શબ્દો નિષ્ફળ થઈ જાય છે.

'યે ઈશ્ક મહોબ્બત કી રિવાયતે ભી અજીબ હૈ
જીસે કભી પાયા હી નહીં ઉસે ખોના નહીં ચાહતે.'

ઈશ્ક માટે અમૃતા પ્રિયમના બહુ મૂલ્ય શબ્દો સમજવા જેવા છે

જિસ સે એક મર્તબા પ્રેમ હો જાયે
ફિર જીવન ભર નહીં છૂટતા
અતિત કી સ્મૃતિયો સે
વહ કભી રિક્ત નહીં હોતા... પ્રેમ કી મૃત્યુ હમારી આંશિક મૃત્યુ હૈ દરબાર પ્રેમ કે મરને પર હમારા એક હિસ્સા ભી હંમેશા કે લિયે મર જાતા હૈ !!

શેર આસ્વાદ :

હશે સત્ય પણ કલ્પના પણ હશે
ખુદા શબ્દ છે તો ખુદા પણ હશે

- અમૃત ઘાયલ